## આપનું સપ્તાહ કેવું જશે? તા.૧૧/૦૫/૨૦૨૬ થી તા.૧૭/૦૫/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ.લ.ઇ.)** સપ્તાહ વિદ્યાર્થીઓને રાહત મળે. હકારાત્મક પરિણામ આપનાર રહેશે. પ્રેમમાં ગેરસમજ થાય. મિત્રો સાથે વિવાદ થાય. શેર બજારમાં અનુકૂળતા રહેશે. આર્થિક લેવડલેવડમાં ધીરજ રાખવી. ગુપ્ત ભય સતાવે. વિદેશના કામમાં ગતિ આવે. આત્મવિશ્વાસ વધશે. સ્વભાવ ઉગ્ર રહે. વાહન ધીમે હાંકવું. અચાનક સફળતા મળે. ઘરમાં નવા મહેમાનનું આગમન થાય.

**વૃષભ (બ.વ.ઉ.):** સપ્તાહ કામના ભારણવાળું રહેશે. સતત દોડધામ અને નવા ફેરફારને અનુકૂળ થવું પડશે. અચાનક તમારા કામની કદર થાય. વેપારમાં આવક વધે. નોકરીમાં નવી તક ઊભી થાય. સમાજજીવનમાં અશાંતિ વધે. પ્રેમમાં લાગણીઓ પર કાબૂ રાખવો. વિદ્યાભ્યાસમાં મહેનતનું ફળ મળે. નવાં લોકોથી સાવધાન રહેવું. આગ-અકસ્માતથી સાવધાન.

**મિથુન (ક.છ.ઘ.):** સપ્તાહ દરમિયાન વિદ્યાર્થીઓને અનુકૂળતા મળે. શિક્ષણ બાબતે નવી યોજના પાર પડે. નવાં લોકો સાથેના વ્યવહારમાં આર્થિક બાબતે સાવધાન રહેવું. નોકરીમાં નવી તક મળે. ધંધામાં નવા સોદા પાર પડે. આવક વધે. પ્રોપર્ટીના કામમાં ગતિ આવે. સરકારી નોકરિયાતે લાલચથી બચવું. પ્રેમમાં ગેરસમજ થાય. શેર બજારમાં ધીરજ રાખવી.

**કર્ક (ડ.હ.):** ચાલુ વીકમાં કેરીયર બાબતે ધીરજથી યોજના બને. વળી કોઇની વાતોમાં નિર્ણય બદલવા નહીં. આત્મવિશ્વાસ વધે તેવી તક મળે. ઉઘરાણીની ચિંતા રહે. ઉધાર લેવા દેવાનું ટાળવું. વિદેશ પ્રવાસ, ઉચ્ચ શિક્ષણ, કાયદા કાનૂન, ધાર્મિક સાહિત્યને લગતા કામમાં પ્રગતિ થાય. તમારા નવા ક્રિએટીવ વિચારો નવી દિશા ખોલશે. નોકરીમાં પ્રમોશન કે નવી તક મળે.

**સિંહ (મ.ટ):** સપ્તાહ દરમિયાન કામનો બોજ અને કોર્ટ કચેરીના લફરાંથી અશાંતિ વધશે. ઘર સમાજની સમસ્યા સતાવે. ઉંમરલાયકના વિવાહમાં વિઘ્નો આવે. બહારના કામની ચિંતા રહે. વીલ-વારસા બાબતે વિઘ્નો પેદા થાય. ધાર્મિક કાર્યક્રમમાં જવાનું બને. વિદેશથી શુભ સમાચાર મળે. જીવનસાથીનો સાથ મળે. સંતાનોની પ્રગતિ થાય. અચાનક ઉઘરાણી આવી શકે છે.

**કન્યા (પ.ઠ.ણ.):** ચાલુ વીકમાં આર્થિક લેવડદેવડમાં છેતરાઇ જવાનું બની શકે છે. માટે આર્થિક વ્યવહારમાં સાવધાન રહેવું. નોકર-ચાકર-ચોર લૂંટારુથી સાવધાન. સરકારી નોકરિયાતે લાલચ પર કાબૂ રાખવો. આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું. નવી ભાગીદારીમાં વિઘ્નો આવે. કોર્ટ-કચેરીમાં વિલંબ થાય. રોજની આવક અને ધંધામાં વધારો થાય. અચાનક અટકેલાં કામ અને નાણાં છૂટાં થાય.

**તુલા (ર.ત.):** સપ્તાહની શરૂઆત શુભ સમાચાર અને સંતાન જીવનસાથીના કામની પ્રગતિથી થાય. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવે. કોઇ ઇનામ મળી શકે છે. પ્રેમમાં અવિશ્વાસ વધશે. જૂના રોગ પરેશાન કરે. ખાવા-પીવા અને નોકર-ચાકર બાબતે ગફલતમાં રહેવું નહી. ઉંમરલાયકના વિવાહ થાય. દાંપત્યમાં સામાન્ય રહે. કોર્ટ-કચેરીમાં વિલંબ વધે. આવક વધશે.

**વૃશ્ચિક (ન.ય.) :** ચાલુ વીકમાં પરિવારનો સાથ મળે. સાથે પારિવારિક સમસ્યા સતાવે. વધુ પડતા લાગણીશીલ બનવાથી નુકસાન થાય. નવા ઘર બાબતે યોજના બને. સંતાનોના કામમાં મદદ મળે. મિત્રોનો સાથ મળે. નોકરીમાં કામનો બોજ વધશે. પ્રેમમાં ગેરસમજ થાય. ઈર્ષાળુ મિત્રોથી સાવધાન રહેવું. આરોગ્યનાં જૂનાં દર્દો પરેશાન કરે. માનસિક અશાંતિ અને ખર્ચા વધશે.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** ચાલુ વીકમાં તમારી વહીવટી કુશળતા અને વ્યવહાર કુનેહથી સફળતા મળે. અટકેલાં કામ પાર પડે. ભાઇ-બહેનોને મદદરૂપ બનશો. પ્રવાસમાં સાવધાન રહેવું. નવા ઘર વાહન બાબતે પ્રગતિ થાય. આર્થિક બાબતે પ્રગતિ થાય. નવા વેપારના સોદા પાર પડે. સંતાનોની સમસ્યા સતાવે. પ્રેમમાં ધીરજ રાખવી. સરકારી નોકરિયાતે કોઇની વાતોમાં આવવું નહીં.

**મકર (ખ.જ.):** ચાલુ વીકમાં વાણી પર કાબૂ રાખવો. ઘરમાં અશાંતિ અને ખર્ચા વધશે. વારસાનાં કામમાં વિઘ્નો આવે. ઉધારી લેવા-દેવાનું ટાળવું. મોજ શોખ અને દલાલીના ધંધામાં આવક વધશે. મિત્રો ભાઇ બહેન સાથે મનોરંજન પ્રવાસ થાય. પડવા વાગવાથી સાવધાન. બહારના કામનો બોજ વધે. નવાં લોકોથી સાવધાન રહેવું. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે.

**કુંભ (ગ.સ.શ.ષ.):** સપ્તાહ માનસિક અને શારીરિક બાબતે પરેશાની લાવનાર બની શકે. માટે પડવા-વાગવા અને વાદ-વિવાદથી બચવું. પોતાના કામમાં સચેત રહેવું. સમાજમાં તાલમેળ રાખવો. ખાણી-પીણીના ધંધામાં આવક વધશે. ઉઘરાણીની ચિંતા સતાવે. પ્રવાસ ટેક્નોલોજી દલાલી સાહિત્ય ટ્યુશન જેવા કામમાં આવક વધશે. નવાં ઘર-વાહન બાબત વડીલોની મદદ મળે.

**મીન (દ.ચ.ઝ.થ.):** ચાલુ વીકમાં લાગણીઓ પર કાબૂ રાખવો. સામાજિક બાબતે સાવચેત રહેવું. પરિવારના કામની ચિંતા વધશે. ખર્ચા પર કાબૂ રાખવો. કોર્ટ-કચેરીમાં સાવધાન રહેવું. વિદેશના કામમાં ગતિ આવે. શુભ સમાચાર મળે. જાહેર જીવનમાં સફળતા મળે. ખાણી-પીણી-મોજ શોખના ધંધામાં આવક વધશે. ઉઘરાણી આવે. નવા નોકરી-ધંધામાં હકારાત્મક પ્રગતિ થાય.

# કંડલા એરપોર્ટ અને રાજકોટમાં સૌથી વધુ 44 ડિગ્રી ગરમી

**ગુજરાતમાં** ગરમીનો પ્રકોપ યથાવત્, આગામી પાંચ દિવસ હીટવેવ જેવી સ્થિતિની આગાહી

### ગરમ અને ભેજવાળી હવાની અસર અનુભવાઈ શકે

બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ, આણંદ, વડોદરા અને સુરત સહિતના જિલ્લાઓમાં ગરમ અને ભેજવાળી હવાની અસર અનુભવાઈ શકે છે. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ અને કચ્છ જિલ્લામાં પણ લોકો ગરમીથી પરેશાન થઈ શકે છે. અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન 44 ડિગ્રી સુધી પહોંચવાની આગાહી કરવામાં આવી છે.

અમદાવાદઃ અમદાવાદમાં પણ 43 ડિગ્રી ગરમી સાથે આકરા ઉનાળાનો અનુભવ થયો હતો. આગામી પાંચ દિવસ હીટવેવ જેવી સ્થિતિની આગાહી છે. રવિવારે કંડલા એરપોર્ટ અને રાજકોટમાં કાળઝાળ 44 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાતાં લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોએ આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં 41થી 45 ડિગ્રી સુધી તાપમાન રહેવાની આગાહી વ્યક્ત કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રવિવારે રાજ્યનાં અન્ય શહેરોમાં ભૂજમાં 42 ડિગ્રી, નલિયામાં 36 ડિગ્રી, કંડલા પોર્ટ પર 39 ડિગ્રી, અમરેલીમાં 43 ડિગ્રી, ભાવનગરમાં 41 ડિગ્રી, પોરબંદરમાં 38 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 43 ડિગ્રી, મહુવામાં 37 ડિગ્રી, કેશોદમાં 42 ડિગ્રી, અમદાવાદમાં 43 ડિગ્રી, ડીસામાં 42 ડિગ્રી, ગાંધીનગરમાં 43 ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં 43 ડિગ્રી, વડોદરામાં 43 ડિગ્રી, સુરતમાં 41 ડિગ્રી અને દમણમાં 37 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

છેલ્લા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લામાં અલગ-અલગ વિસ્તારોમાં હીટવેવ જેવી સ્થિતિ અનુભવાઈ હતી. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો. જ્યારે ઉત્તર ગુજરાત અને કચ્છ વિસ્તારમાં તાપમાનમાં ખાસ ફેરફાર નોંધાયો નહોતો. રાજ્યના અનેક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાતા ગરમીનો અહેસાસ વધી ગયો છે.

હવામાન વિભાગ મુજબ દક્ષિણ-પૂર્વ રાજસ્થાન અને આસપાસના વિસ્તારમાં 0.9 કિમી ઊંચાઈએ અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે. ઉપરાંત પશ્ચિમી વિક્ષેપ મધ્ય અને ઉપરના ટ્રોપોસ્ફિયરમાં સક્રિય છે. રાજ્ય ઉપર નીચલા સ્તરે પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ દિશાનો પવન ફૂંકાઈ રહ્યો છે. જેના કારણે ગરમીમાં વધારો થઈ રહ્યો છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં વધુ 2થી 3 ડિગ્રીનો વધારો થઈ શકે છે. ત્યારબાદ તાપમાનમાં થોડો ઘટાડો થવાની શક્યતા છે. 11 મેથી 15 મે દરમિયાન ગરમ અને ભેજવાળી હવાની અસરને કારણે અસહજ પરિસ્થિતિ સર્જાઈ શકે છે.

## જસપ્રીત બુમરાહ

જસપ્રીત બુમરાહની ધન લગ્નની કુંડલીમાં બાર સ્થાનમાં કુલ છ ગ્રહોની હાજરી સૂર્ય, મંગળ, બુધ, શુક્ર રાહુ અને પ્લુટોથી જ્યોતિષશાસ્ત્રનો જે એક અતિશય વિવાદિત તેમજ યોગ ભ્રષ્ટ કે કોઇ પુણ્યશાળી ઘણી વખત કમનસીબ લોકોની કુંડલીમાં પણ જોવા મળતો પ્રવજ્યા યોગ નામનો રાજયોગ બને છે. જો કે ચલિતમાં તે ભંગ થાય છે.

**પ્રવજ્યા યોગઃ** ત્રણથી ચાર ગ્રહો એક જ ભાવમાં બળવાન સ્થિતિમાં હોય ત્યારે આ યોગનું નિર્માણ થાય છે. મોટા ભાગે સાંસારિક મોહમાયાનો ત્યાગ કરનાર સંન્યાસી સાધુ કે કોઇ આધ્યાત્મિક ગુરુ કે કોઇ ઉચ્ચ કોટિનાં જ્ઞાની, સમાજસેવક, સાચા દેશભક્ત રાજનેતા જે દેશના દરેક નાગરિકની સુખાકારીના પ્રયત્નો કરનાર કોઇ રાજઘરાણામાં જન્મેલા રાજા કે કોઇ ઉચ્ચ કોટિના રમતવીર, કલાકાર, સાહિત્યકાર વગેરેની કુંડલીમાં આ યોગ ભાગ્યે જ જોવા મળતો એવો એક અદ્ભુત યોગ છે.આ યોગમાં જન્મેલા જસપ્રીત બુમરાહ કોઈ યોગ ભ્રષ્ટ કે કોઇ ખેલાડીના અતૃપ્ત આત્માનું નિર્દેશન કરે છે. તે ભવિષ્યમાં કોઇ સફળ ઉદ્યોગ કે બીઝનેસમેન પણ બનશે. કારણ કે ઘણા ઉદ્યોગપતિઓની કુંડલીમાં આ યોગ જોવા મળે છે. ચલિત પ્રમાણે પણ પ્રવજ્યા યોગ રહે છે. તે લાભસ્થાનમાં પ્લુટો બુધ, શુક્ર અને રાહુથી બને છે.

કોઇ પણ કુંડળીમાં ક્રિકેટર બનવાનો યોગઃ સાહસ અને ઊર્જાના કારક મંગળ બળવાન હોવો જોઈએ તેમ જ પાંચમું સ્થાન પણ જસપ્રીત બુમરાહનો પંચમેશ મંગળ આત્માનો કારક છે અને તે બારમે વિપરીત રાજયોગ અને પ્રવજ્યા યોગ કરે છે. યશ, સફળતા અને આત્મવિશ્વાસનો કારક સૂર્ય પણ બળવાન હોવો જોઈએ. જસપ્રીત બુમરાહની કુંડલીમાં પ્રવજ્યા યોગ કરતો સૂર્ય કુમાર અવસ્થાનો બળવાન બને છે. બુદ્ધિ, કૌશલ, ટેકનિક સૂઝ-બુઝ આપનાર બુધ પણ પ્રવજ્યા યોગ કરનાર બને છે. ત્રીજા પરાક્રમ, સાહસ, નિડરતા અને સ્વતંત્રતાનો માલિક શનિ બને છે જે સ્વગ્રહી અને બળવાન છે જે ધીરજ અને ખંત તથા આંતરિક સૂઝ-બુઝ આપનાર બને છે. હરીફોની સામે મજબુતાઈ અને નિડરતાથી લડવાનું બળ છઠનો માલિક અને છઠું સ્થાન આપે છે. પ્રતિસ્પર્ધામાં ટકવાની ક્ષમતા આ સ્થાન બળવાન હોવાથી મળે છે. પ્રવજ્યા યોગ કરતો શુક્ર વિપરીત રાજ યોગ કરે છે અને પોતાના સ્થાનને જોતો હોવાથી હરીફાઈમાં વિજયના યોગ કરે છે. તેના છઠા સ્થાન પર કુલ પાંચ છ ગ્રહોની બળવાન દૃષ્ટિ છે. આ છઠ્ઠા આ લાભસ્થાનના માલિક શુક્રની મહાદશામાં જસપ્રીતનો જન્મ થયો છે જે 2012 સુધીની હતી માટે જ તેને નાની ઉંમરથી જ ક્રિકેટમાં સફળતા મળી અને રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મળ્યું છે. કોઇ પણ ક્ષેત્રમાં કેરીયરને મજબૂત કરવા અને કેરીયરમાં સફળતા માટે દસમું સ્થાન અને તેનો માલિક બળવાન હોવા જોઇએ.જસપ્રીત બુમરાહની કુંડલીમાં રમત-ગમત અને ખેલકૂદમાં સફળતા આપનાર અને તેનો કારક બુધ-સૂર્ય-મંગળની સાથે કે સંબંધમાં છે અને દસમું સ્થાન ચંદ્ર અને ગુરુની શુભ કર્તરી વચ્ચે બળવાન છે.

ખેલ કૂદમાં લોકપ્રિયતા આપનાર બુધ અને રાહુ છે. આ બંને ગ્રહો સૂર્ય અને મંગળ જે ઊર્જા, સાહસ, આત્મવિશ્વાસના કારક સાથે છે માટે તેને પ્રસિદ્ધિ મળી છે. અનુશાસનનો કારક શનિ મહેનત અને પરિશ્રમનો પણ કારક છે તે ત્રીજે બળવાન છે પણ આઠમાના માલિક ચંદ્ર સાથે પ્રતિયુતિમાં હોવાથી વિષયોગ કરે છે. આ વિષયોગની અસર જસપ્રીતની બોડી લેંગ્વેજ, તેની બોલિંગની એક્શન અને મેદાનમાં ફિલ્ડીંગ વખતે ખાસ જોવા મળે છે. વિષયોગ માનસિક તણાવ અને માનસિક થાકના કારણે મનમાં અજ્ઞાત ભય કે ડર પેદા કરીને મન અને તનને વિચલિત કરનાર બને છે. સખત મહેનત છતાં નિરાશા આપનાર યોગને કારણે જસપ્રીત બુમરાહનું હાલનું પ્રદર્શન નિરાશાજનક છે.

વિષયોગ કરનાર મનના કારક એવા નિર્બળ ચંદ્રની મહાદશા 2028 સુધીની છે અને માર્ચ 2025 થી ફેબ્રુઆરી 2028 સુધીની શનિની અઢી વર્ષની પનોતી પણ ચાલે છે. ઉપરાંત માર્ચ 2026 થી ઓક્ટોબર 2026 સુધીની કેતુની અંતરદશામાં માર્ચમાં કેતુની પ્રતિ અંતરદશા વધે શુક્રની એપ્રિલ સુધી અને 09-5-2026 સુધી સૂર્યની અને તે પછી 26 માર્ચ 26 સુધી ચંદ્રની પ્રતિ અંતરદશા છે. આમ આ આખી આઈપીએલ હેતુના પ્રભાવમાં 26-05-2026 થી 08-6-2026 સુધી મંગળની પ્રતિ અંતરદશા થોડી હકારાત્મક રહેશે. જો કે ગોચરના રાહુના કેતુ-મંગળ છે. વિષયોગ જાતકને માનસિક ડીપ્રેશન સ્વાસ્થ્ય સંબંધી પરેશાનીઓ, સતત અસફળતાના કારણે હતાશાના ભોગ બનાવે છે.

શનિ અનુશાસન, મહેનત, ધીરજ, ખંતનો કારક જયારે ચંદ્ર ચંચળતા, અસ્થિરતા, ઉતાવળ, ક્રિયાશીલતા વગેરેને પ્રભાવિત કરે છે. આમ જોઇએ તો જસપ્રીત બુમરાહની કુંડલીમાં સૌથી અશુભ યોગ આ વિષયોગ જ છે. ઉપરાંત ચંદ્ર નવમાંશમાં બુધ સાથે દસમે વર્ગોથી બને છતાં તેનું ફળ નકારાત્મક રહેવાનું કારણ શનિની અઢી વર્ષની પનોતી છે. નવમાંશમાં શનિ બારમે ઉચ્ચનો અને ચંદ્ર દસમે વર્ગોથી અને મંગળ ચોથે રહીને બુધ-ચંદ્ર પર દૃષ્ટિના કારણે તે વારંવાર ભૂલ કરે છે કારણ વધુ પડતી ક્રિયાશીલતા અને માનસિક ચંચળતા 2026 પછી તેનું પ્રદર્શન સુધરશે. હાલ તેને આરામની જરૂર છે.




વડોદરા રેલવે LCBએ અમરેલીના શખ્સ સહિત ત્રણને ઝડપી પાડ્યા

# સુરત રેલવે સ્ટેશન પરથી 48 લાખનું સોનું ચોરાયું

**પાર્લે** પોંઇન્ટના કાંતિલાલ મહેતા ગોપીપુરા મંદિર કોરિડોર માટે દાનમાં આપવા વતનથી 300 ગ્રામના બિસ્કિટ લાવ્યા હતા

સુરતઃ સુરત રેલવે સ્ટેશનની લિફ્ટમાં પેસેન્જરોની નજર ચુકવી, વૃદ્ધ મુસાફરના પેન્ટનું ચોર ખિસ્સું કાપી રૂ. 45 લાખની કિંમતના સોનાના ત્રણ બિસ્કિટ ચોરી કરી નાસી જનાર ચોર ને પશ્ચિમ રેલવે વડોદરા ની લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) ગણતરીના કલાકોમાં દબોચી લીધો છે. પોલીસે ચોરીનો તમામ મુદ્દામાલ રીકવર કરી ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મૂળ બનાસકાંઠાના ધનાલી ગામના વતની અને હાલ સુરત ખાતે આવેલ પાર્લે પોઈન્ટ વિસ્તારમાં રહેતા 77 વર્ષીય નિવૃત કાંતિલાલ મહેતા ગત તા. 9 મેના રોજ પોતાના વતનથી સુરત પરત ફરી રહ્યા હતા. તેઓના વતનમાં આવેલા શીતલનાથ જૈન દેરાસર ની દાનપેટીમાંથી નીકળેલા 100-100 ગ્રામના સોનાના 3 બિસ્કિટ (કુલ 300 ગ્રામ) તેઓ સુરતના ગોપીપુરા ખાતે મંદિરમાં કોરિડોર બનાવવા માટે દાનમાં આપવા માટે લાવ્યા હતા. આ સોનું તેમણે પોતાના પેન્ટના અંદરના ભાગે બનાવેલા સુરક્ષિત ચોર ખિસ્સામાં રાખ્યું હતું. કાંતિલાલ મહેતા અને તેમનો પરિવાર ભુજ-બાંદ્રા એક્સપ્રેસ ટ્રેન દ્વારા સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 2 પર ઉતર્યા હતા. સવારના સાતેક વાગ્યે પ્લેટફોર્મ પરથી બહાર જવા માટે તેઓ લિફ્ટમાં ચડ્યા ત્યારે મુસાફરોની ભારે ભીડ હતી. આ ભીડનો લાભ લઈ કોઈ અજાણ્યા ચોરે અત્યંત સિફતપૂર્વક કાંતિલાલ મહેતાના પેન્ટનું ખિસ્સું કાપી રૂ. 45,00,000/- ની મત્તાના ત્રણેય સોનાના બિસ્કિટ ચોરી લીધા હતા. જ્યારે તેઓ દિલ્હી ગેટ પહોંચ્યા ત્યારે ખિસ્સું કપાયેલું જણાતા તેઓના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી અને તુરંત સુરત રેલવે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. રેલવે પોલીસ અધિક્ષક અભય સોનીના માર્ગદર્શન હેઠળ LCB વડોદરા અને સુરત રેલવે પોલીસની ટીમોએ તાત્કાલિક તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ થી લઈ પાર્કિંગ સુધીના CCTV ફૂટેજ તપાસતા લિફ્ટ પાસે એક શંકાસ્પદ ઈસમ જોવા મળ્યો હતો. આ ઈસમ પ્લેટફોર્મ નંબર 4 થી બહાર નીકળી રિક્ષામાં બેસીને જતો દેખાયો હતો. પોલીસે આશરે 100 જેટલા CCTV કેમેરા તપાસ્યા બાદ રિક્ષા નંબર મેળવી તેના માલિક સુધી પહોંચી હતી. રીક્ષા ચાલકની પૂછપરછ હાથ ધરી હતી. પૂછપરછ દરમિયાન પોલીસને જાણવા મળ્યું કે તેને શંકાસ્પદ ઈસમને વરાછાના શક્તિ વિજય સોસાયટી પાસે ઉતાર્યો હતો.પોલીસે શક્તિ વિજય સોસાયટી વિસ્તારમાં વોચ ગોઠવી મૂળ અમરેલીના લાઠી ના વતની 26 વર્ષીય કરણ શંકર મકવાણાને ઝડપી પાડ્યો હતો. કરણની કડક પૂછપરછમાં તેણે ગુનાની કબૂલાત કરી હતી અને જણાવ્યું હતું કે તેણે ચોરેલા સોનાના બિસ્કિટ પોતાની બાળ કિશોરી ભત્રીજી ને આપ્યા હતા. ભત્રીજીએ આ સોનું પોતાની દાદી 55 વર્ષીય ગીતાબેન સોલંકીને રાખવા આપ્યું હતું. પોલીસે ગીતાબેન પાસેથી 45 લાખની કિંમતના ત્રણેય સોનાના બિસ્કિટ રિકવર કર્યા છે.

**નવસારી પોલીસે ખરા અર્થમાં ઉજવ્યો મધર્સ ડે**

# છ વર્ષથી ગુમ મહિલાનું પરિવાર સાથે મિલન કરાવતી જલાલપોર પોલીસ

**જામનગરથી** ગુમ મહિલાને શોધી પરિવાર સાથે કરાવ્યો ભાવુક મેળાપ

નવસારીઃ નવસારી જિલ્લામાં ગુમ થયેલા લોકોને શોધવા માટે ચાલી રહેલા 'ઓપરેશન મિલાપ' અંતર્ગત જલાલપોર પોલીસે એક નોંધપાત્ર સફળતા મેળવી છે. છેલ્લા છ વર્ષથી ગુમ થયેલી મહિલાને જામનગર ખાતેથી સુરક્ષિત રીતે શોધી કાઢી પરિવાર સાથે પુનઃમિલન કરાવતા પરિવારજનોમાં આનંદ અને લાગણીસભર માહોલ સર્જાયો હતો. આ મિલાપ મધર્સ ડેના દિવસે જ થતાં નવસારી પોલીસે સાચા અર્થમાં મધર્સ ડેની ઉજવણી કરી હોવાનું કહીએ તો પણ કંઈ જ ખોટુ નથી. જલાલપોરના પંચવટી એપાર્ટમેન્ટ વિસ્તારમાં રહેતી દુર્ગાબેન નિલેશભાઈ ભીમાણી વર્ષ 2018માં અચાનક ગુમ થઈ ગયા હતા. આ અંગે જલાલપોર પોલીસ સ્ટેશન ખાતે જાણવાજોગ ફરિયાદ નોંધાઈ હતી. લાંબા સમય સુધી પરિવાર અને પોલીસ દ્વારા શોધખોળ કરવા છતાં મહિલાનો કોઈ પત્તો મળ્યો નહોતો.

ત્યારબાદ નવસારી નાયબ પોલીસ અધિક્ષક એસ.કે. રાયના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર એલ.જી. રાઠોડ અને તેમની ટીમે કેસને ફરી ગંભીરતાથી હાથ ધર્યો હતો. ટેકનિકલ એનાલિસિસ, કોલ ડિટેલ્સ તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે મહિલાની હિલચાલ અંગે મહત્વપૂર્ણ માહિતી એકત્ર કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે મહિલા છેલ્લા કેટલાક વર્ષોમાં અલગ અલગ શહેરોમાં રહેતી હતી.

તપાસ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ પિયુષભાઈ અને શિવરાજસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે દુર્ગાબેન જામનગર ખાતે હોવાની શક્યતા છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક ટીમો રવાના કરી હતી. મોરબી અને રાજકોટ તરફથી અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી અંતે જામનગર ખાતેથી મહિલાને શોધી કાઢવામાં સફળતા મળી હતી.

મહિલા પોલીસની હાજરીમાં જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી દુર્ગાબેનને તેમના પરિવારને સોંપવામાં આવ્યા હતા.

# આજે વડાપ્રધાન મોદી સોમનાથના દર્શન કરશે

**સોમનાથ** સ્વાભિમાન પર્વ નિમિત્તે પુનઃપ્રાણ પ્રતિષ્ઠાનાં 75 વર્ષની ઉજવણી

ગાંધીનગર : અરબી સમુદ્રના કિનારે સ્થિત સોમનાથ મંદિર આજે ભારતની અવિનાશી આસ્થા, સાંસ્કૃતિક ગૌરવ અને અડગ સંકલ્પનું જીવંત પ્રતિક બની ઊભું છે. ભગવાન શિવના 12 જ્યોતિર્લિંગોમાં પ્રથમ ગણાતા સોમનાથ મંદિર પર સદીઓ દરમિયાન અનેક આક્રમણો થયા છતાં દરેક વખત બાદ તેનું પુનઃનિર્માણ થતું રહ્યું છે.

ઈતિહાસ મુજબ 1026માં સોમનાથ પર પ્રથમ મોટો હુમલો થયો હતો. બાદમાં રાજા કુમારપાળ, જૂનાગઢના શાસકો અને લોકમાતા અહિલ્યાબાઈ હોળકરે મંદિરના પુનરુત્થાનમાં યોગદાન આપ્યું હતું. આઝાદી બાદ સરદાર વલ્લભભાઈ પટેલે 1947માં મંદિરના પુનઃનિર્માણનો સંકલ્પ લીધો હતો અને 11 મે 1951ના રોજ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી.આ વર્ષે મંદિરના પુનઃઉદઘાટનની 75મી વર્ષગાંઠ નિમિત્તે 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી થઈ રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, જે શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ પણ છે, તેઓ આવતીકાલે 11 મેના રોજ મંદિરની મુલાકાત લેશે. તેમણે સોમનાથને "ભારતની અજેય ભાવના"નું પ્રતિક ગણાવ્યું છે.150 ફૂટ ઊંચું શિખર, 10 ટનનો કળશ અને ભવ્ય ધ્વજદંડ ધરાવતું સોમનાથ મંદિર દર વર્ષે લાખો ભક્તોને આકર્ષે છે.

**અનુસંધાન**... પાના પહેલાનું

### વિજય તમિલનાડુના...

નેતાઓ અને વિજયના પરિવારજનો તથા મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. વિજયની કેબિનેટમાં મંત્રી તરીકે શપથ લેનારા અન્ય સભ્યોમાં કે. જી. અરુણરાજ, પી. વેંકટરામનન, સી. ટી. આર. નિર્મલ કુમાર, એ. રાજમોહન, કીર્તના અને કે. ટી. પ્રભુનો સમાવેશ થાય છે.આ એક તાજી અને નવી શરૂઆત છે. સાચા બિનસાંપ્રદાયિક સામાજિક ન્યાયના નવા યુગની શરૂઆત... વિજય થોડી ક્ષણો માટે અટક્યા, નીચે જોયું, પોતાની કાંડા ઘડિયાળ તરફ ઈશારો કર્યો અને નાટ્યાત્મક અંદાજમાં ઉમેર્યુંઃ અત્યારથી જ!" તેમના આ વિધાને સ્ટેડિયમમાં તાળીઓના ગડગડાટ અને સીટીઓ સાથે ઉત્સાહ ભરી દીધો હતો. પોતાના સંબોધન પહેલાં, તેમણે ત્રણ મહત્વના આદેશો પર હસ્તાક્ષર કર્યા હતા - ૨૦૦ યુનિટ મફત વીજળી, મહિલા સુરક્ષા માટે ટાસ્ક ફોર્સ અને ડ્રગ્સના દૂષણને ડામવા માટે ટાસ્ક ફોર્સ. તેમણે તેમને સમર્થન આપનાર પક્ષોના નેતાઓ, જેમાં તેમના ભાઈ રાહુલ ગાંધી અને ડાબેરી નેતાઓનો સમાવેશ થાય છે, તેમનો આભાર માન્યો હતો. ભાષણના અંતે તેમણે મંચ પર ઉપસ્થિત મહાનુભાવો અને જનમેદની સાથે સેલ્ફી લીધી હતી. તેમની કેબિનેટ યુવા અને અનુભવી નેતાઓનું મિશ્રણ છે, જેમાં ૫૧ વર્ષીય અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજયની મુખ્ય ટીમને સ્થાન મળ્યું છે.

### જોસેફ વિજયે...

સંબંધિત ગુનાઓને રોકવા અને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવા માટે કુલ 65 'એન્ટી નાર્કોટિક ટાસ્ક ફોર્સ' યુનિટની સ્થાપના કરવામાં આવશે. દરેક જિલ્લામાં એક યુનિટ સ્થાપવામાં આવશે, જ્યારે બાકીના યુનિટ રાજ્યના નવ મુખ્ય શહેરોના પોલીસ જિલ્લાઓમાં સ્થાપિત કરવામાં આવશે.

### વિજયે શપથ...

અને સમર્પણથી કામ કરીશ. હું કાયદાના શાસનનું પાલન કરીશ, પ્રમાણિકતાથી કામ કરીશ, નફરત દૂર કરીશ અને સમાજના તમામ વર્ગો માટે ઈમાનદારીથી કામ કરીશ. હું ભગવાનના નામે આ સોગંદ લઉં છું અને શપથ લઉં છું. આટલું કહીને વિજયે ભગવાનના નામે શપથ લેતા પોતાનો જમણો હાથ ઉંચો કર્યો અને મુઠ્ઠી ભીંસી હતી. રાજ્યપાલે દરમિયાનગીરી કરીને તેને આપવામાં આવેલા કાગળમાંથી સત્તાવાર શપથ વાંચવા જણાવ્યા પછી વિજયે રાજ્યપાલ પાસેથી કેટલીક સ્પષ્ટતા માગીને લેખિત શપથ વાંચ્યા હતા.

### સ્વપ્ન સાચું પડ્યું :...

પુત્રની નવી ભૂમિકા અંગે અતૂટ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. એસ.એ. ચંદ્રશેખરે જનતાની પ્રબળ લાગણીઓ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, સમર્થકો છેલ્લા ત્રણ દિવસથી આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. તેમણે ઉમેર્યું, "લોકો આજે ખૂબ જ ખુશ થવાના છે." અને ટીવીકે નેતા તથા રાજ્યના નાગરિકો વચ્ચેના ગાઢ સંબંધોનો સ્વીકાર કર્યો હતો.

### ટીવીકેના ધારાસભ્ય...

એઆઈએડીએમકેના ધારાસભ્ય હતા. ૨૩૪ સભ્યોની પ્રબળ તમિલનાડુ વિધાનસભાના નવનિર્વાચિત ધારાસભ્યો સોમવારે શપથ લેવાના છે. એક સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર, સ્પીકર (અધ્યક્ષ) અને ડેપ્યુટી સ્પીકર (ઉપાધ્યક્ષ)ની ચૂંટણી ૧૨ મેના રોજ યોજાશે.

### પીએમ મોદીના...

હતા. અગાઉ એક્સ પર એક પોસ્ટમાં મોદીએ વિજયને અભિનંદન આપતાં કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર લોકોના જીવનમાં સુધાર લાવવા માટે રાજ્ય સરકાર સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે. મોદીએ કહ્યું કે, "થિરુ સી. જોસેફ વિજયને તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે શપથ લેવા બદલ અભિનંદન. તેમના આગામી કાર્યકાળ માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ. કેન્દ્ર સરકાર તમિલનાડુ સરકાર સાથે મળીને લોકોના જીવનમાં સુધાર લાવવા માટે કાર્યરત રહેશે." રવિવારે થયેલા આ શપથગ્રહણે દ્રવિડિયન ગઢ ગણાતા તમિલનાડુમાં લગભગ 60 વર્ષમાં પ્રથમ વાર ડીએમકે-એઆઈએડીએમકેથી અલગ કોઈ પાર્ટીની સરકાર બની છે.

### સરકારી ઓઇલ...

રિકવરી હવે રૂ. ૧ લાખ કરોડને વટાવી ગઈ છે.કાચા તેલની કિંમતોમાં ૫૦ ટકાનો ઉછાળો આવ્યો હોવા છતાં, પેટ્રોલ અને ડીઝલ હજુ પણ બે વર્ષ જૂના ભાવે અનુક્રમે રૂ. ૯૪.૭૭ પ્રતિ લિટર અને રૂ. ૮૭.૬૭ પ્રતિ લિટરના દરે વેચાઈ રહ્યા છે. માર્ચમાં ઘરેલું રાંધણ ગેસના ભાવમાં સિલિન્ડર દીઠ રૂ. ૬૦નો વધારો કરવામાં આવ્યો હતો, પરંતુ તે હજુ પણ વાસ્તવિક પડતર કિંમત કરતા ઘણા ઓછા છે. OMCs ઇંધણ વેચીને જે આવક મેળવે છે તે જ એકમાત્ર સ્ત્રોત છે જેના દ્વારા તેઓ કાચું તેલ ખરીદે છે, તેને ઇંધણમાં પ્રોસેસ કરવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવે છે અને ઉત્પાદનને ગ્રાહકો સુધી પહોંચાડવા માટે નેટવર્ક સ્થાપે છે. સ્ત્રોતોએ જણાવ્યું હતું કે એક્સાઈઝ ડ્યુટીમાં આ ઘટાડાને કારણે સરકારને દર મહિને રૂ. ૧૪,૦૦૦ કરોડનું નુકસાન વેઠવું પડી રહ્યું છે.

### પશ્ચિમ એશિયા સંકટ...

ભારત તાજેતરના વર્ષોમાં સૌર ઉર્જા ક્ષમતામાં અગ્રણી દેશોમાં ઉભરી આવ્યું છે તેમ અવલોકન કરતા તેમણે કહ્યું કે પેટ્રોલમાં ઈથેનોલ સંમિશ્રણમાં પણ અભૂતપૂર્વ પ્રગતિ કરવામાં આવી છે. તેમણે નોંધ્યું હતું કે સરકારે પહેલા ૧૦૦ ટકા એલપીજી કવરેજ હાંસલ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને હવે તે વધુ સસ્તા દરે પાઈપ્ડ ગેસ સપ્લાયના વિસ્તરણ તરફ કામ કરી રહી છે. તેમણે ઉમેર્યું કે સરકાર સીએનજીના ઉપયોગને પણ પ્રોત્સાહન આપી રહી છે. આવી પહેલો ભારતને વૈશ્વિક ઉર્જા સંકટમાંથી બહાર નીકળવામાં મદદ કરી રહી હોવાનું સ્વીકારતા, વડાપ્રધાને ઉર્જા સંરક્ષણના મહત્વ પર ભાર મૂક્યો હતો અને પુનરોચ્ચાર કર્યો હતો કે આયાતી ઉર્જા સંસાધનોનો ઉપયોગ વિવેકપૂર્ણ રીતે અને માત્ર જરૂર હોય ત્યારે જ કરવો જોઈએ.નાણાકીય અને ભૌગોલિક રાજકીય બંને ફાયદાઓ પર ભાર મૂકતા તેમણે કહ્યું કે, આજે સમયની માગ છે કે પેટ્રોલ, ગેસ, ડીઝલ અને તેના જેવા સંસાધનોનો સંયમ સાથે ઉપયોગ કરવામાં આવે. આપણે આયાતી પેટ્રોલિયમ પેદાશોનો ઉપયોગ જરૂરિયાત મુજબ જ કરવો જોઈએ. આનાથી માત્ર વિદેશી હૂંડિયામણ જ નહીં બચે પરંતુ યુદ્ધની પ્રતિકૂળ અસરો પણ ઘટશે. વિકાસમાં કોઈ રાજકારણ ન હોવું જોઈએ તેવા તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીના નિવેદનનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું કે તેઓ પણ રાજકીય ટિપ્પણી કરવાનું ટાળશે.

### કોરોના કાળમાં...

કોવિડ સમયગાળા દરમિયાન ઘણી સિસ્ટમ અપનાવી હતી તેને ફરી અપનાવવાનો આ સમય છે. પીએમ મોદીએ કહ્યું કે કોરોના સમયગાળા દરમિયાન, આપણે ઘરેથી કામ કર્યું, ઓનલાઈન મીટિંગો કરી, વિડીયો કોન્ફરન્સ કરી. આવી ઘણી સિસ્ટમો વિકસાવી અને અમે તેનાથી ટેવાઈ ગયા. આજે, સમયની માગ એ છે કે જો આપણે તે સિસ્ટમો ફરીથી શરૂ કરીએ, તો તે રાષ્ટ્રીય હિતમાં રહેશે અને આપણે તેમને ફરીથી પ્રાથમિકતા આપવી પડશે. તેમણે અપીલ કરી કે આ વૈશ્વિક કટોકટીમાં, આપણે કેટલાક સંકલ્પો લેવા જોઈએ અને તેમને સંપૂર્ણ નિષ્ઠાથી પૂર્ણ કરવા જોઈએ. એક મહત્વપૂર્ણ સંકલ્પ એ છે કે પેટ્રોલ અને ડીઝલનો ઉપયોગ સમજદારીપૂર્વક કરવો. આપણે પેટ્રોલ અને ડીઝલનો ઉપયોગ ઓછો કરવો જોઈએ. જે શહેરોમાં મેટ્રો ઉપલબ્ધ છે, ત્યાં આપણે તેનો શક્ય તેટલો વધુ ઉપયોગ કરવો જોઈએ. જો કાર દ્વારા મુસાફરી કરવી જરૂરી હોય, તો આપણે કારપૂલિંગનો પ્રયાસ કરવો જોઈએ.

### લોકોને એક વર્ષ માટે...

વેકેશન વધુને વધુ સામાન્ય બની રહ્યા છે. આવા સમયે, જ્યારે દેશ સંકટનો સામનો કરી રહ્યો છે અને આપણી દેશભક્તિ આપણને પોકાર કરી રહી છે, ત્યારે આપણે ઓછામાં ઓછા એક વર્ષ માટે વિદેશ યાત્રા મુલતવી રાખવાનો નિર્ણય લેવો જોઈએ. ભારતમાં એવી ઘણી સુંદર જગ્યાઓ છે જ્યાં કોઈપણ મુલાકાત લઈ શકે છે.

### પંજાબના મંત્રી...

કાયદાકીય પ્રક્રિયામાં વિશ્વાસ છે અને તે તમામ વૈધાનિક સત્તાધિકારીઓને સંપૂર્ણ સહકાર આપી રહી છે અને આપતી રહેશે. એજન્સીના અધિકારીઓ દ્વારા અરોરાને રાત્રિ દરમિયાન રોડ માર્ગે ચંદીગઢથી ગુરુગ્રામ લાવવામાં આવ્યા હતા અને જજ નરેન્દ્ર સુરાની સેશન્સ-કમ-સ્પેશિયલ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.ઈડીએ આક્ષેપ કર્યો છે કે તેનો કેસ એચએસઆરએલ, તેની સાથે જોડાયેલી સંસ્થાઓ અને અરોરા વિરુદ્ધ છે, જેઓ તેમના પરિવારના સભ્યો સાથે કંપનીના લાભકારી માલિક અને નિયંત્રક હતા.

### પોતાને હિંદુ...

હિંદુ, મુસ્લિમ અને ખ્રિસ્તીઓનું (પ્રતિનિધિત્વ કરતો) ચહેરો છે. તમે આ વિજય પર ૧૦૦ ટકા વિશ્વાસ કરી શકો છો," તેમણે રાજ્યના સર્વોચ્ચ હોદ્દા પર બેસાડવા બદલ લોકોનો આભાર માન્યો હતો.

### NEET 'ગેસ પેપર'ના...

ફોન, લેપટોપ અને ચેટ રેકોર્ડની પણ તપાસ કરી રહી છે. સીકરમાં હોસ્ટેલ અને કોચિંગ નેટવર્કને પણ તપાસમાં સામેલ કરવામાં આવ્યા છે. તપાસ હવે તેના પર કેન્દ્રિત છે કે શું આ ફક્ત એક અનુમાન પેપર હતું કે પછી તે કોઈ મોટા પેપર લીક નેટવર્કનો ભાગ હતો. અધિકારીઓ કહે છે કે સંપૂર્ણ તપાસ ચાલી રહી છે અને તપાસ પછી કોઈ ચોક્કસ નિષ્કર્ષ પર પહોંચી શકાતું નથી.

## NTA દ્વારા એડ્વાઇઝરી બહાર પડાઇ, જરૂરી જણાશે તો શિક્ષણ મંત્રાલય સાથે પરામર્શથી આગળનો નિર્ણય લેવાશે

3 મે, 2026 ના રોજ યોજાયેલી દેશની સૌથી મોટી મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET (UG) અંગે કથિત ગેરરીતિઓ અને પેપર વેચાણના અહેવાલો વચ્ચે, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ એક એડવાઇઝરી જારી ક કરીને સ્પષ્ટ કર્યું કે 3 મે, 2026 ના રોજ યોજાયેલી પરીક્ષા GPS ટ્રેકિંગ, AI-આધારિત CCTV સર્વેલન્સ, બાયોમેટ્રિક વેરિફિકેશન અને 5G જામર સહિત કડક સુરક્ષા પ્રોટોકોલ હેઠળ લેવામાં આવી હતી. 7 મેના રોજ કથિત ગેરરીતિઓ સંબંધિત ઇનપુટ મળ્યા બાદ, આ મામલો કેન્દ્રીય એજન્સીઓને સોંપવામાં આવ્યો હતો. NTA એ NEET ના વિદ્યાર્થીઓને અફવાઓથી દૂર રહેવા અને તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી ધીરજ રાખવાની અપીલ કરી છે. NTA એ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોને જાણ કરી છે કે પ્રામાણિકપણે પરીક્ષા આપનારા મોટાભાગના ઉમેદવારોની મહેનત પર કોઈ પ્રશ્ન ઉઠાવવામાં આવી રહ્યો નથી. જો જરૂરી હોય તો શિક્ષણ મંત્રાલય સાથે પરામર્શ કરીને આગળના નિર્ણયો લેવામાં આવશે. કોઈપણ માહિતી અથવા સહાય માટે, કૃપા કરીને NEET 2026 હેલ્પલાઇન - neet-ug@nta.ac.in અથવા 011-40759000/011-69227700 પર કોલ કરો.

### પરીક્ષાના દિવસે...

એજન્સી (NTA) ને ઇમેઇલ દ્વારા ફરિયાદ મોકલી. સૂત્રોના જણાવ્યા અનુસાર, NTA એ આ બાબતને ગંભીર માનીને રાજસ્થાન DGP ને પત્ર લખ્યો. આ પછી, ATS અને સ્પેશિયલ ઓપરેશન્સ સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG) સક્રિય થયા અને તપાસ શરૂ કરી.

### તમિલનાડુમાં સત્તાનું...

ભૂખમરાથી સારી રીતે વાકેફ છે કારણ કે તેમનો જન્મ એક સામાન્ય આસિસ્ટન્ટ ફિલ્મ ડાયરેક્ટરના પુત્ર તરીકે થયો હતો, જેમણે સખત મહેનત કરીને સિનેમામાં સફળતા મેળવવાની ઈચ્છા રાખી હતી. પોતાના પ્રથમ ભાષણમાં મુખ્યમંત્રીએ ખાતરી આપી હતી કે તેમના શાસનમાં માત્ર એક જ પાવર સેન્ટર હશે અને તે માત્ર તેઓ પોતે હશે. વધુમાં, તેમણે કહ્યું કે એક નવી શરૂઆત અને નવા યુગનો પ્રારંભ થયો છે. તેમણે કહ્યું, અહીં માત્ર એક જ કેન્દ્ર છે, મારા નેતૃત્વ હેઠળનું કેન્દ્ર. આ બાજુ એક કેન્દ્ર, પેલી બાજુ એક પાવર સેન્ટર, બીજું પાવર સેન્ટર ત્યાં - એવું કશું જ અસ્તિત્વમાં નથી, હું તમને અત્યારે જ કહી રહ્યો છું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, હું કોઈ શાહી વંશમાંથી આવતો નથી, હું તમારા જેવો જ છું અને તમારામાંથી જ એક છું, તમારા પરિવારના સભ્ય જેવો છું, તેમણે ઉમેર્યું કે તેઓ જનતાના પુત્ર કે ભાઈ જેવો અનુભવ કરી રહ્યા છે. દેખીતી રીતે, તેઓ એ વાત પર ભાર મૂકી રહ્યા હતા કે તેમને કોઈ મોટા સ્થાપિત રાજકીય પરિવારનું પીઠબળ નથી. તેમણે ઉમેર્યુંઃ આ એક નવી, તાજી શરૂઆત છે. સાચા, બિનસાંપ્રદાયિક, સામાજિક ન્યાયના નવા યુગની શરૂઆત થાય છે... વિજય થોડો સમય રોકાયા, નીચે જોયું, તેમના કાંડા ઘડિયાળ તરફ ઈશારો કર્યો અને નાટ્યાત્મક અંદાજમાં ઉમેર્યુંઃ અત્યારે જ! આ નિવેદન વધાવતા જોરદાર તાળીઓ, ગુંજારવ અને સીટીઓ વાગી હતી.

તેમણે કહ્યું કે મારે તમને તમિલનાડુ સરકારની વર્તમાન સ્થિતિ વિશે જણાવવું છે. રાજ્ય પર ૧૦ લાખ કરોડ રૂપિયાથી વધુનું દેવું છે અને તિજોરી સંપૂર્ણપણે ખાલી થઈ ગઈ છે, જેના કારણે અસહ્ય બોજ પડ્યો છે. તેમણે કહ્યું કે તેમની પાર્ટીના નેતૃત્વવાળી સરકાર આવી પરિસ્થિતિમાં જવાબદારી સંભાળી રહી છે. તેમનો વિચાર વર્તમાન પરિસ્થિતિનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવાનો અને ત્યારબાદ શ્વેતપત્ર બહાર પાડવાનો છે, જે પારદર્શક સરકાર માટે પ્રયત્ન કરશે અને પછી આગળ વધશે. વિજયે ખાતરી આપી હતી કે તેઓ પારદર્શક અને ખુલ્લા મનથી કામ કરશે.